ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ:-01** **તા.24-08-2021**

## ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ" ખાતે આમ આદમી પાર્ટી સુરત જીલ્લા પ્રમુખ અને જુનાગઢના આગેવાન સહિત કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબની ઉપસ્થિતિમાં ભાજપમાં જોડાયા.

---

## આમ આદમી પાર્ટી ગુજરાતમાં ફક્ત રાજકારણ કરવા માંગે છે, તેમને ગુજરાત કે દેશહિત સાથે કોઈ લેવાદેવા નથી:- શ્રી સી.આર.પાટીલ

---

## આમ આદમી પાર્ટી હવે "આમ આદમી પાર્ટી નથી, ચાર આદમી પાર્ટી છે":- શ્રી બટુકભાઈ વાડદોરીયા

---

## આમ આદમી પાર્ટીમાં ચારિત્ર્ય હિન લોકોને જોડવામાં આવ્યા છે તેનાથી અમો નારાજ છીએ:- શ્રી બટુકભાઈ વાડદોરીયા

---

## અમોને ભાજપના કાર્યક્રમોનો ખોટી રીતે વિરોધ કરવાનું કહેવામા આવતું હતું:- શ્રી બટુકભાઈ વાડદોરીયા

---

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ તા.**24.08.2021**ના રોજ પ્રદેશ ભાજપા અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબની ઉપસ્થિતિમાં પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ ખાતે" આમ આદમી પાર્ટીના નેતા તેમજ સુરત જિલ્લા પ્રમુખ શ્રી બટુકભાઈ વાડદોરીયા તેમના સમર્થકો સાથે આમ આદમી પાર્ટીના ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈને કેસરીયો ધારણ કર્યો.

આ પ્રસંગે પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે સહુને આવકાર્યા અને ભાજપાનો ખેસ પેહરાવી સ્વાગત કર્યું. આ પ્રસંગે સંબોધતા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબે જણાવ્યું કે, શ્રી બટુકભાઇ વાડદોરીયા ભારતીય જનતા પાર્ટીની વિચારધારા સાથે સંકળાયેલા છે. આપણે સહુ સાથે મળી ગુજરાત અને દેશની પ્રગતી માટે કાર્યો કરીશું તેમાં સહભાગી થવા આપ સર્વેનું સ્વાગત છે, કેટલાક લોકો ગેરસમજ ફેલાવવાનું કાર્ય કરી,

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પોતાની પાર્ટીમાં જોડવાનો પ્રયાસ કરી રહ્યાં છે. આમ આદમી પાર્ટી ગુજરાતમાં ફક્ત રાજકારણ કરવા માંગે છે, આમ આદમી પાર્ટીને ગુજરાત કે દેશહિત સાથે કોઈ લેવાદેવા નથી.

શ્રી બટુકભાઈ વાડદોરીયાએ જણાવ્યુ કે, આમ આદમી પાર્ટી એ હવે " આમ આદમી પાર્ટી નથી ચાર આદમી પાર્ટી છે", અમુક નિષ્ઠા વગરના અને ચારિત્ર્ય હિન લોકો આવી જતાં તેમનું મનસ્વી વર્તન, ગેરવર્તન અને અમારું સ્વમાન જળવાતું ન હતું. તેમજ ભારતીય જનતા પાર્ટીના કાર્યક્રમોનો ખોટી રીતે વિરોધ કરવાનું કહેવામા આવતું હતું. તે અમને મગજમાં ખૂંચતું હતું.

અંતમાં શ્રી વાડદોરીયાએ જણાવ્યુ હતું કે, આગામી ચૂંટણીઓમાં આમ આદમી પાર્ટીનું ખાતું પણ નહીં ખૂલે કારણ કે, અમો આપમાં એટલા માટે જોડાયા હતા કે, લોકોને અન્યાય થાય છે તેને મદદ કરી શકીએ પરંતુ આપ પાર્ટીમાં કાર્યકરોને જ અન્યાય થાય છે. આજે અમો આમ આદમી પાર્ટી છોડી ભારતીય જનતા પાર્ટીમાં વિધિવત જોડાયા છીએ જેનો અમોને આનંદ છે. ભાજપમાં ઈમાનદારી અને નિષ્ઠાપૂર્વક કામ કરીશું અને ભાજપના સૈનિક બનવા બદલ શીર્ષ નેતૃત્વનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ કાર્યક્રમમાં પ્રદેશ અધ્યક્ષશ્રી.સી.આર.પાટીલ સાહેબ સાથે પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી એમ.એસ પટેલ, પ્રદેશ મહામંત્રીશ્રી પ્રદીપસિંહ વાઘેલાજી, પ્રદેશ યુવા ભાજપ અધ્યક્ષશ્રી પ્રશાંતભાઈ કોરાટ, સુરત જીલ્લા ભાજપ અધ્યક્ષશ્રી સંદીપભાઈ દેસાઇ, ધારાસભ્યશ્રીઓ શ્રી મુકેશભાઇ પટેલ, શ્રી મોહનભાઇ ડોડીયા, સુરતના જીલ્લા પ્રભારીશ્રી ભરતભાઇ રાઠોડ પ્રદેશ સહ-પ્રવકતાશ્રી ભરતભાઇ ડાંગર સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org






# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org





